# ૭ આ પાઠનું નામ આવડે છે?

## ચાલો, ગાઈએ ગીતડું :

કરતા હૂપાહૂપ, વાંદરા કરતા હૂપાહૂપ!
ઘડી ન બેસે ચૂપ, વાંદરા કરતા હૂપાહૂપ!
ખી ખી, ખી ખી હસે, વાંદરા કરતા હૂપાહૂપ!
જંગલ-જંગલ વસે, વાંદરા કરતા હૂપાહૂપ!
કેળાં, જામફળ ખાય, વાંદરા કરતા હૂપાહૂપ!
તાજા-માજા થાય, વાંદરા કરતા હૂપાહૂપ!
હીંચકે ડાળે-ડાળ, વાંદરા કરતા હૂપાહૂપ!
ભરતા મોટી ફાળ, વાંદરા કરતા હૂપાહૂપ!
કોઈથીયે ક્યાં ડરે, વાંદરા કરતા હૂપાહૂપ!
દરિયે મારગ કરે, વાંદરા કરતા હૂપાહૂપ!

- કિરીટ ગોસ્વામી

## કોણ પૂછી શકે ? :

બે-બેની જોડીમાં ચર્ચા કરી આ પ્રશ્નો અગાઉના એકમના ભાગોમાંથી કોણ પૂછી શકે અને કોને પૂછી શકે તે શોધવા કહો.


(૧) મને એકલા ખાવાનું ગમતું નથી. તમે મારા ઘરે જમવા આવશો? ______
(૨) મિંકુ, હું તારી પૂંછડી પકડું? ______
(૩) ક્ષમા, તું કેમ બેસી રહી છો? ______
(૪) અરે! મારું વિમાન ક્યાં ગયું? ______
(૫) મારી લખોટી ક્યાં ગઈ? ______
(૬) દાદા તમે નાના હતા ત્યારે કઈ રમત રમતા? ______
(૭) અરે! તારી આંગળીએ શું વાગ્યું? ______
(૮) એ સાપ કોઈએ જોયો હતો? ______



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાર્તા વાંચો :

### વાંદરાનો ઉપવાસ



મંકુ : વાહ! આજ તો ફાવ્યા! આપણે ત્રણ, ને કેળાં પણ ત્રણ!

બંકુ : હા, પણ આજે તો ઉપવાસ છે ને! આજે આપણે પાણી સિવાય બીજું કાંઈ પણ ન લઈ શકીએ એ ભૂલી ગયા?

મંકુ : અરે! ના, એ તો કંઈ ભુલાતું હશે ? આજે નહીં તો કાલે, કેળાં કામ તો લાગશે જ.

ચિમ્પુ : આજે કે કાલે, કેળાં વહેંચવાં તો પડશે. કેળાં વહેંચીએ તેમાં ઉપવાસ તૂટતો નથી.

બંકુ : હા, હા. એ ઉત્તમ. કાલેય વહેંચવાના તો છે જ ને? તો આજે જ વહેંચી લઈએ. ખાઈશું કાલે.

મંકુ : તો જો, આ કેળું તારું અને ચિમ્પુ, આ તારું. આ બાકી રહ્યું તે મારું. કેમ બરાબર છે ને?

ચિમ્પુ અને બંકુ : હા બરાબર છે.

મંકુ : મારું કેળું તો કેવુ પાકું જણાય છે! બન્કુ, તારું કેળું કાચું છે કે પાકું?

બંકુ : (કેળાને દબાવતો) મારું તો ખાસ્સું પાકું છે. આજે જ ખાવું હોય તો પણ કામ લાગે.

ચિમ્પુ : અને મારું પણ મજાનું પાકી ગયું છે.

મંકુ : પણ, આપણે આજે ક્યાં ખાવું છે?

બંકુ : હાસ્તો, આજે તો આપણે ઉપવાસ છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ચિમ્પુ : ખરી વાત છે. પણ કાલ સવારે આપણને ભૂખ કકડીને લાગી હશે. કેળાની છાલ ઉતારવાનો સમય પણ ભારે લાગશે. છાલ ઉતારવાથી ઉપવાસ થોડો તૂટે છે? આપણે ક્યાં આજે ખાવું છે?

બંકુ : હા, આપણે તો કાલે સવારે જ ખાઈશું ને? તો લો, આ બંદાએ તો છાલ પણ ઉતારી નાખી.

ચિમ્પુ : મારા કેળાની પણ છાલ ઊતરી ગઈ. ઓહો મન્કુ, તેં તો મારાથી પહેલાં છાલ ઉતારી દીધી ને!

મંકુ : હા. બધાનાં કેળાં કેવાં સરસ છે!

બંકુ : આહા! થાય કે જોતાં જ રહીએ.

ચિમ્પુ : અરે! આપણે હવે આને સાચવીશું ક્યાં? કીડીઓ ચઢશે તો!

બંકુ : ભારે પંચાત થઈ આ તો! ડાળી પર મૂકીએ કે જમીન પર? જ્યાં મૂકીશું ત્યાં કીડીઓ જરૂર ચઢશે.

મંકુ : છાલ ઉતારવાની ભૂલ ભારે પડી.

ચિમ્પુ : મને એક વિચાર આવે છે. આપણે જો મોઢામાં મૂકીને રાખીએ. સવાર પડતાં જ પારણાં કરી લઈએ તો કેવું?

મંકુ : વાહ ચિમ્પુ વાહ! આબાદ રસ્તો કાઢ્યો તેં તો! બુદ્ધિ તે આનું નામ! (આટલું બોલતાંની સાથે જ કેળું મોંમાં મૂકે છે.)

બંકુ : હું પણ મોઢામાં મૂકી રાખું ત્યારે!

ચિમ્પુ : ભલે ત્યારે હું પણ એમ જ કરું છું. (ધીરે ધીરે કેળાં મોઢામાં અલોપ થાય છે. ત્રણેયમાંથી કોઈ કશું બોલતું નથી. કેળાં પૂરાં અલોપ થઈ ગયાં.)

મંકુ : હાશ! મેં તો પેટમાં બરોબર સાચવીને મૂકી દીધું. ત્યાં કીડી-મંકોડાનો ડર નથી. પારણાં તો હું કાલે સવારે કરીશ.

બંકુ : હું પણ એમ જ કરવાનો છું.

ચિમ્પુ : મારે પણ આજે તો ઉપવાસ છે. હું પણ હવે તો કાલે પારણાં કરીશ.

### વાતચીત:

(૧) આ વાર્તામાં તમને હસવું ક્યારે આવ્યું?

(૨) વાંદરાઓ ઉપવાસ કરે ખરા?

(૩) તમારા ઘરમાં કોણ ઉપવાસ કરે?

(૪) તેઓ ઉપવાસમાં શું ખાય અને શું ન ખાય?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(૫) વાર્તામાં વાંદરાઓનાં નામ શું છે?

(૬) તમને શું લાગે છે, કોને કેળું ખાવાની ઉતાવળ હતી? કેમ?

(૭) કેળું પાકું છે-એ કેવી રીતે ખબર પડે?

(૮) કેરી કાચી છે કે પાકી-એ કેવી રીતે જાણી શકાય?

(૯) છાલ ઉતાર્યા પછી શી મુશ્કેલી થઈ?

(૧૦) કેળાને સાચવવાનો ઉપાય કોણે યોજ્યો?

(૧૧) છાલ ઉતારીને કેળાને સાચવી શકાય?

(૧૨) તમારા ઘરે શાકભાજી અને ફળો કેવી રીતે સાચવવામાં આવે છે? શું તે બધાં એક જ રીતે સચવાય કે જુદી જુદી રીતે?

## કોણ બોલી શકે? :

(મંકુ, બંકુ, ચિમ્પુ, ત્રણેય, કોઈ નહીં)

(૧) તો હું આજે કેળાં વહેંચી દઉં ? ____

(૨) આજે આખો દિવસ ભૂખ્યા રહીશું, એટલે કાલે ભૂખ લાગશે. ____

(૩) આપણે છાલ ઉતારીને બહુ મોટી ભૂલ કરી. ____

(૪) ખાવાનું સાચવી રાખવા મોંમાં મૂકીએ તો કેવું? ____

(૫) અલ્યા, તું મારું કેળું ખાઈ ગયો. ____

(૬) કેળું ખરેખર મીઠું હતું.

## પ્રશ્નોના જવાબ આપો :

(૧) વાંદરાઓને કેટલાં કેળાં મળ્યાં?

(અ) એક (બ) પાકાં (ક) ત્રણ

(૨) સૌથી પહેલી છાલ કોણે ઉતારી?

(અ) મંકુ (બ) ચિમ્પુ (ક) બંકુ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(૩) 'ભૂલ ભારે પડવી' એટલે શું?

(અ) ભૂલનું વજન વધી જવું.

(બ) ભૂલના કારણે કેળાંને મુશ્કેલી વધી.

(ક) ભૂલના કારણે વાંદરાઓને મુશ્કેલી વધી.

(૪) સૌથી પહેલું કેળું કોણ ખાઈ ગયું હશે?

(અ) મંકુ (બ) ચિમ્પુ (ક) બંકુ (ડ) ત્રણે સાથે

(પ) 'સવાર પડતાં જ પારણાં કરવા' એટલે શું?

(અ) સવાર થતાં જ ભોજન ખાવું.

(બ) સવાર થતાં જ કેળાં ખાવાં.

(ક) સવાર થતાં જ પારણું હલાવવું.

## શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો. ત્યારબાદ ફકરો મોટેથી વાંચો :

(પાક્કા, ઉપવાસ, છાલ, ત્રણ કેળાં, વહેંચ્યાં, મોંમાં)

મંકુ, બંકુ અને ચિમ્પુ ______ દોસ્તો. એક દિવસ તેમને ______ મળ્યાં. કેળાં ખાવાની ચટપટી થઈ આવી. પણ ત્રણેયને ______ હતો. તેમણે આવતી કાલે જ કેળાં ખાઈશું એમ નક્કી કર્યું. થોડીવાર પછી તેમણે કેળાં ______. બીજો થોડોક સમય થયો એટલે ______ ઉતારી. તે પછી કીડીઓથી સાચવવા કેળાં ______ મૂકવાનું નક્કી કર્યું. પણ એમ કંઈ કેળાં મોંમાં રહે! એ તો ગયાં તેમના પેટમાં.

## મંકુ, બંકુ, ચિમ્પુ બનો અને ભજવો :

વિદ્યાર્થીઓને ચાર જૂથમાં વહેંચો. તેમને નીચે મુજબની સ્થિતિ ભજવવા આપો. તેમને જૂથમાં ચર્ચા કરી તૈયારી કરવા કહો. ત્યારબાદ વારાફરતી દરેક જૂથ પોતાના ભાગની ભજવણી કરશો.

૧. કેળાં મળવાં.

૨. કેળાં ચકાસવાં.

૩. કેળાંનું શું કરવું - તે વિચારવું.

૪. કેળાં ખાઈ જવાં.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **ચાલો, ગાઈએ ગીતડું :** કરતા હૂપાહૂપ

## સાચું પૂછું તો જવાબ આપો. ખોટું પૂછું તો હસો :

વિદ્યાર્થીઓને નીચેના પ્રશ્નો પૂછો. તેમને સમજાવો કે જે પ્રશ્ન પૂછી શકાય એવો હોય તો તેઓ એનો જવાબ આપે. પ્રશ્ન જ ખોટો હોય તો મોટેથી હસે. જેમ કે હું પૂછું કે ગુજરાતનું પાટનગર કયું છે? તો તમારે જવાબ આપવો. પણ હું પૂછું કે ગુજરાતનું પાટનગર કોણ છે? તો હસવું.

(૧) તમે સવારે શું ખાધું હતું?
(૨) આજે તમે નાસ્તામાં કોણ લાવ્યા છો?
(૩) આપણા જિલ્લાનું ગામ શું છે?
(૪) તમે શાળામાં ચાલીને આવ્યા કે બસમાં?
(૫) તમારા મામાનું નામ કોણ છે?
(૬) તમારા પાક્કા મિત્રનું નામ શું છે?
(૭) તમને સૌથી વધુ કોણ ખાવું ગમે?
(૮) તમને કોણ ચા/દૂધ બનાવી આપે છે?

## મારા ખિસ્સામાં કોણ? :

વર્ગના તમામ વિદ્યાર્થીઓના ફોટાગ્રાફ/નામની ચિઠ્ઠીઓ ભેગી કરો. તેમાંથી ચાર-પાંચ વિદ્યાર્થીના ફોટોગ્રાફ/નામની ચિઠ્ઠીઓ ખિસ્સામાં મૂકો.

વર્ગને બે ટુકડીમાં વહેંચો. એક ટુકડી સવાલ કરશે અને બીજી ટુકડી ધારણા કરશે.

જેમકે - ટુકડી-૧ ટીચરના ખિસ્સામાં કોણ છે?

ટુકડી-૨ રાધિકા છે?/રાધિકા?

આ જ રીતે જ્યારે તેમની ધારણા સાચી પડે પછી તે ટુકડી પ્રશ્ન પૂછશે.

આ મુજબ ખિસ્સામાં પ્રાણીઓ/પક્ષીઓ/ખાવાની ચીજ-વસ્તુઓનાં ચિત્ર/ચિઠ્ઠીઓ મૂકી

- શિક્ષકના ખિસ્સામાં શું છે?
- ખિસ્સામાં કેટલાં પક્ષી છે?
- ખિસ્સામાં કેટલા હાથી છે?
- ખિસ્સામાં તીખું શું છે?

આ રીતે, વિદ્યાર્થીઓ જુદા-જુદા પ્રશ્નો પૂછતા થાય તેવી પ્રવૃત્તિઓ કરાવવી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## (અ) વાંચો, સમજો અને પ્રશ્ન બનાવો :

- મોહન મોરલી વગાડે છે.

  કોણ મોરલી વગાડે છે?

- પોલીસને જોઈ ચોર ભાગી ગયા.

  પોલીસને જોઈને કોણ ભાગી ગયું?

  કોણ પોલીસને જોઈ ભાગી ગયું?

(૧) ભીમ બધા ભાત ખાઈ ગયો.

(૨) દેવ દડો પકડવા દોડ્યો.

(૩) કૂતરાને જોઈ કાકા ડરી ગયા.

(૪) વાંદરાને જોઈ વિજય ઊભી પૂંછડીએ ભાગ્યો.

(૫) લોકો ગધેડાને ગરબા ગાતો જોઈ હસવા લાગ્યાં.

## (બ) વાંચો, સમજો અને પ્રશ્નો બનાવો :

- ફિરદૌસ લખોટી રમે છે.

  ફિરદૌસ શું રમે છે?

(૧) અમન કવિતા વાંચે છે.

અમન ________ વાંચે છે?

(૨) પ્રિયાથી પાપડ પણ ભાંગતો નથી.

પ્રિયાથી ________ ભાંગતું નથી?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(૩) આકાશમાં <u>વાદળાં</u> દેખાય છે.

આકાશમાં ______________________?

(૪) <u>કશ્યપ</u> <u>સાઈકલ</u> લઈને શાળાએ આવે છે.

______________ સાઈકલ લઈને ______________?

કશ્યપ ______________ લઈને ______________?

(૫) <u>તેજુએ</u> <u>ત્રણ દાખલા</u> ગણ્યા.

______________________________________

______________________________________

## (ક) વાંચો, સમજો અને પ્રશ્નો બનાવો :

- કાગડો <u>બે</u> પૂરી લઈ ગયો.

  કાગડો કેટલી પૂરી લઈ ગયો?

(૧) પ્રીતિ <u>પચાસ</u> પાણીપૂરી ખાઈ ગઈ.

પ્રીતિ ______________ પાણી પૂરી ______________?

(૨) બુમરાહને <u>બે</u> વિકેટ મળી.

______________________________________

(૩) બા પાસે <u>બાર</u> સાડી છે.

______________________________________

(૪) અઠવાડિયામાં <u>સાત</u> દિવસ હોય છે.

______________________________________

(૫) મંદિર સુધી જવા <u>છ</u> કિલોમીટર ચાલવું પડે.

______________________________________

(૬) આયુષ આજે <u>આઠ</u> વાર પડ્યો.

______________________________________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## (૬) વાંચો, સમજો અને પ્રશ્નો બનાવો :

- ભીમભાઈ બાર લાડવા ખાઈ ગયા.
- કોણ બાર લાડવા ખાઈ ગયું?
- ભીમભાઈ કેટલા લાડવા ખાઈ ગયા?
- ભીમભાઈ શું ખાઈ ગયા?

(૧) અકબર એક સાથે અગિયાર અજગર પકડી લાવ્યો.

- ______ એક સાથે અગિયાર અજગર પકડી લાવ્યું ?
- અકબર એક સાથે ______ અજગર પકડી લાવ્યો?
- અકબર ______ પકડી લાવ્યો?

(૨) વિશ્વાએ આજે પાંચ વાર્તાઓ વાંચી.

- વિશ્વાએ આજે ______ વાર્તાઓ વાંચી?
- કોણે આજે ______ ?
- વિશ્વાએ આજે ______ વાંચ્યું?

(૩) દર્શના દસ દાડમ લાવી.

- ______
- ______
- ______

(૪) ઉંદર બિલાડી પર ચાર વખત કૂદ્યો ______ બિલાડી પર ______ ? ઉંદર ______ વખત બિલાડી પર કૂદ્યો ? ઉંદરે ______ કર્યું?

(૫) ગુલાબસિંહ ઘરેથી પાંચ ગુલાબ લાવ્યો.

______

______

______

- **ચાલો, ગાઈએ ગીતડું :** કરતા હૂપાહૂપ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## જવાબના સવાલ ખોવાઈ ગયા. શોધો અને જોડો :

બે

હું આવીશ.

નવી સાડી.

તમને કોણ ગુજરાતી શીખવે છે?

રાજનને કોણે માર્યું?

તારી મમ્મી મુંબઈથી શું લાવી?

તારી નિશાળમાં ઝાડ છે?

ચંદુ કેટલા લાડવા ખાઈ શકે?

જો રસોડામાં શું પડ્યું?

રવિવારે રમવા કોણ આવશે?

નિલાને કેટલા ભાઈ છે?

આ દૂધ કોણ પી ગયું?

વાંદરાને કેટલા પગ હોય?

તે બૅગમાં શું સંતાડ્યું?

ચાર જ હોય ને!

કશું નહીં.

બાવીસ તો ખાય જ.

તજ્જલીએ.

ફિરોઝ સર.

ઘણાં!

થાળી પડી

બિલાડી જ હશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## સવાલમાંથી જવાબ શોધો : જવાબ પર ચોકડી કરો.

**ઉ.દા.** બિલાડી શું દૂધ પીએ છે?

(૧) તારા પપ્પાનું ચીમનભાઈ નામ શું છે?

(૨) હાથીને એક કેટલી સૂંઢ હોય છે?

(૩) તું ખેતરમાંથી બોર શું લાવ્યો?

(૪) આજની મૅચમાં રોહિત કોણ સારું રમ્યું?

(૫) તમારે ચાર કેટલા અંગૂઠા અને કેટલી સોળ આંગળીઓ છે?

## પહેલેથી છેલ્લે સુધી વાંચો. હવે છેલ્લેથી પહેલે સુધી વાંચો. જૂથમાં ચર્ચા કરી ખાલી જગ્યા પૂરો :

એક હતું ગામ.

ગામનું નામ શું હશે? ____________

ત્યાં રહેતો એક ગોપો.

ગોપો ક્યાં રહેતો હશે? ____________

ગોધરાનો ગોપો ઘણો લાંબો.

ગોપાની લંબાઈ કેટલી હશે? ____________

સાત ફૂટના ગોપા પાસે ચાર ફૂટનો કૂતરો.

કૂતરાનું નામ શું હશે? ____________

ગોપો કહે, “ટોમી, લાવ મારો ટોપો.”

ગોપાનો ટોપો કેવો હશે? ____________

પહેરી એ લાલ ટોપો, ગયો રમવા ગોપો.

બોલો ગોપો કઈ રમત રમ્યો હશે? ____________

કાઢી ટોપો, ગોપાએ હાથમાં લીધું બૅટ.

બૅટની લંબાઈ શી હશે? ____________

બે ફૂટના બૅટથી એણે માર્યા બસો રન.

સૌ કોઈ બોલ્યા આપણો ગોપો નંબર વન!



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## જરા હસીએ :

શિક્ષક : હવે કોઈને કંઈ પૂછવું છે?

પ્રતીક : સર, "આઇ ડૉન્ટ નો."નું ગુજરાતી શું થાય?

શિક્ષક : મને નથી ખબર.

પ્રતીક : કશો વાંધો નહીં. બીજા કોઈકને પૂછીશ.

## વાંચો, ભજવો :

વિક્રમ : ગરમ ગરમ સમોસાં છે?

દુકાનદાર : ના ભાઈ, સમોસાં ખલાસ! કચોરી છે; ખમણ, ભજિયાં છે.

વિક્રમ : ભજિયાંનો શો ભાવ છે?

દુકાનદાર : વીસનાં સો ગ્રામ.

વિક્રમ : ને ચટણી.

દુકાનદાર : ચટણી ફ્રી.

વિક્રમ : તો એકલી ચટણી આપો.

અર્ચના : પેન્સિલ આપો.

દુકાનદાર : કેટલાવાળી?

અર્ચના : બે રૂપિયાવાળી.

દુકાનદાર : આ લો 'અક્ષર' પેન્સિલ, તેનાથી સરસ લખાશે.

અર્ચના : તો બીજી આપો. મારે તો ચિત્ર દોરવું છે.

## ઓળખો :

૧. બે માથાં, બે પગ
જાણે તેને આખુ જગ.
જે કોઈ આવે વચમાં
કપાઈ જાય તેની કચકચમાં.

૨. હવા કરતાં હળવો હું,
રંગે બહુ રૂપાળો છું.
થોડું ખાઉં ને ધરાઈ જાઉં,
વધુ ખાઉં તો ફાટી જાઉં.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in